RCS NO.08-2018.

દાવો દાખલ કર્યા તારીખ.	૦૫/૦૨/૨૦૧૮		
દાવો રજીસ્ટર કર્યા તારીખ.	૦૫/૦૨/૨૦૧૮		
દાવો ફેંસલ કર્યા તારીખ :			
સમય મર્યાદા :	વર્ષ	માસ	દિવસ

ખંભાતના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી ની કોર્ટમાં,

મુ.ખંભાત.

કો.મુ.નં.૦૮/૨૦૧૮.
આંક:–

વાદીપક્ષ :–

ગુજરનાર રામાભાઇ ભાણાભાઈના વારસો	
(૧)	પ્રભુદાસ રામાભાઇ જાદવ ઉ.વ.પુખ્ત, ધંધો.ખેતી
(૨)	અરવિંદભાઇ રામાભાઇ જાદવ ઉ.વ.પુખ્ત, ધંધો.ખેતી
(૩)	મનુભાઇ રામાભાઇ જાદવ ઉ.વ.પુખ્ત, ધંધો.ખેતી,
(૪)	ગણપતભાઇ રામાભાઇ જાદવ ઉ.વ.પુખ્ત, ધંધો.ખેતી,
(૫)	ગંગાબેન તે રામાભાઇ ભાણાભાઈની વિધવા (ગુજરી ગયેલ છે.) ઉ.વ.પુખ્ત, ધંધો.કંઇ નહીં,
	તમામ રહે, કલમસર, તા.ખંભાત.

વિરુધ્ધ,

પ્રતિવાદીપક્ષ:–

(૧) પ્રવિણસિંહ છત્રસીંગના વારસો	
૧.૧)	ચંપાબેન પ્રવિણસિંહ, ઉ.વ.પુખ્ત,
૧.૨)	સુનીલકુમાર પ્રવિણસિંહ, ઉ.વ.પુખ્ત,
૧.૩)	નૈનાબેન પ્રવીણસિંહ, ઉ.વ.પુખ્ત,
(૨)	મે.મામલતદાર સાહેબ, ઉ.વ.પુખ્ત, ધંધો.નોકરી, રહે, ખંભાત.
(૩)	તલાટી કમ મંત્રી, ઉ.વ.પુખ્ત, ધંધો.નોકરી, રહે, કલમસર.
(૪)	વાલીબેન કુલાભાઇ ઉ.વ.પુખ્ત, ધંધો.ઘરકામ રહે, ધુવારણ રોડ, વાસણા(તા.બોરસદ)
(૫)	સવિતાબેન કુલાભાઇ (ડીલીટ)
(૬)	કોકીલાબેન તે રામાભાઇ ઇચ્છાભાઇની દિકરી ઉ.વ.પુખ્ત, ધંધો.ઘરકામ, રહે, રોઝરી ગાર્ડન પાછળ, નવી રામવાડી, વડોદરા.

....

દાવો રૂા.૧૮૧૦૦/– ના આંકથી.

....

વાદી નં.૧ તરફે :–	વિ.વ.શ્રી.કે.કે.મહિડા.
વાદી નં.૨,૩, ૪ તરફે :–	વિ.વ.શ્રી. એચ.પી.વ્યાસ.
પ્રતિવાદી નં.૧,૨, ૩ તરફે :–	વિ.વ.શ્રી. આર.એચ.ઠકકર.
પ્રતિવાદી નં.૪,૫ તરફે :–	વિ.વ.શ્રી. કે.એલ.ખ્રિસ્તી.

....

-:: જજમેન્ટ ::-

(૧) વાદીનાં દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, નામદાર કો્ટની હકુમતના ગામ કલમસર (તાલુકો ખંભાત) સી.સર્વે નં. ૬૮૩/૧ હે.૦-૫૩-૬૨ ની ખેતી વિષયક જમીન આવેલી છે. અમો વાદીઓ તથા પ્રા.નં.૬ ગુજરનાર રામાભાઈ ભાણાભાઈના કાયદેસરના વારસો છીએ. આ કામના પ્રા.નં. ૪,૫ ગુજરનાર કુલાભાઈ ઈચ્છાભાઈના કાયદેસરના વારસો છે. અને ગુજરનાર લક્ષ્મીબેન ગુજરનાર કુલાભાઈ ઈચ્છાભાઈના વિધવા અને પ્રા.નં.૪-૫ ના માતૃશ્રી થતાં હતા અને તેઓ ગુજરી ગયેલ છે. ગુજરનાર લક્ષ્મીબેન કુલાભાઈએ અમો વાદીઓના પિતા રામાભાઈ ભાણાભાઈ વિરૂધ્ધ ખંભાત કોર્ટમાં ઉપર પેરા-૧માં જણાવેલ મિલ્કત અંગે ફો.મું.નં.૨૪૭/૭૬ નો દાવો કરેલો. સદર દાવામાં પ્રા.વાદી નં. ૪-૫ પક્ષકાર તરીકે જોડાયેલા સદર દાવામાં અમો વાદીઓના પિતા તથા લક્ષ્મીબેન તથા પ્રા.નં.૪-૫ વચ્ચે સમાધાન (કરાર દાદ) થયેલ અને સદર કરાર દાદ પ્રમાણે દાવાવાળી જમીનની દક્ષિણ તરફની અડધી જમીન અમો વાદીના પિતાને આપવામાં આવી અને દાવાવાળી જમીનની ઉત્તર તરફની અડધી જમીન લક્ષ્મીબેન તથા પ્રા.નં.૪-૫ ને આપવામાં આવી. આમ દાવાવાળી જમીનની દક્ષિંણભાગની અડધી જમીન સ્વતત્ર માલીક ગુજરનાર રામાભાઈ થયા અને ઉત્તર તરફની અડધી જમીનના સ્વતંત્ર માલીક પ્રા.નં.૪-૫ અને લક્ષમીબેન થયેલ. ત્યારબાદ હુકમનામા પ્રમાણે ગુજરનાર રામાભાઈ તથા લક્ષ્મીબેન પ્રા.નં.૪-૫ એ રજી. વહેચણ લેખ હુકમનામા પ્રમાણે તા. ૨૩/૪/૧૯૭૭ નારોજ કરવામાં આવ્યો. સદર દસ્તાવેજનો નં.-૪૩૬ છે. સદર વહેચણ લેખમાં ગુજરનાર લક્ષ્મીબેન તથા પ્રા.નં. ૪-૫ એ સહીઓ કરેલી છે. ઉપરોકત આખીય જમીન અમો વાદીઓના પિતા કો.મું.નં.૨૪૭/૭૬નો દાવો થયો તે પહેલેથી ખેડતા આવેલા હતા અને હાલ પણ પ્રા.નં.૪-૫ ના ભાગમાં અ રેલી જમીન અમો વાદીઓ ખેડીએ છીએ અને તેનું ઉત્પન્ન લઈએ છીએ અને તેનું મહેસુલ ભરે છે. દક્ષિણ તરફનો ભાગમાં હાલ બાજરી રાયડો છે. ઉપર તરફ ચાલુ વર્ષે અમોએ તમાકુ કરેલી વળી પ્રા.નં.૪-૫ ના ભાગમાં જે ઉત્તર તરફની જમીન આવેલી છે. તેમાં અમો વાદીઓએ છાપરી બાંધી તેમાં કુટુંબ કબીલા સાથે ૨૦ વર્ષ ઉપરાંતથી રહીએ અને બાકીના ભાગમાં ખેતી કરીએ છીએ સદર હકીકત ગુજરનાર લક્ષ્મીબેન અને તેમના ગુજર્યા બાદ પ્રા.નં.૪-૫ સારી રીતે જાણતા હતા. પ્રા.વાદી નં.૪-૫ ના ભાગની જમીનનો કબજો ભોગવટો આગળ જણાવ્યા પ્રમાણે

૧૯૭૬ પહેલેથી અમો વાદીઓના પિતાનો હતો અને તેમના ગુજર્યા બાદ અમો વાદીઓનો પ્રા.નં. ૪–૫ ની જાણમાં શાંતિથી જાહેર ખાડો પાડયા સિવાય અમો વાદીનો કબજો આવેલો છે. તે સામે ગુજરનાર લક્ષ્મીબેન કે તેમના વારસો પ્રા.નં.૪–૫ એ કોઈપણ વખત વાધો લીધેલો નથી. આમ દાવાવાળી જમીનના ઉત્તર તરફના ભાગની જમીનના અમો વાદીઓ વિરૂધ્ધ કબજાથી માલીક થઈ ગયેલા છે. પરંતુ કાયદાની અજ્ઞાનતાને કારણે સાત બારના ઉતારામાં એન્ટ્રી પડાવવાનું રહી ગયેલુ. સદર જમીનનો કબજો ભોગવટો માલીક હકે અમો વાદીઓ તથા પ્રા.નં.૬ નો છે તે હકીકત પ્રા.નં.૧ તથા પ્રા.નં.૪–૫ સારી રીતે જાણતા હોવા છતાં પ્રા.નં.૧એ પ્રા.નં.૪–૫ પાસેથી નજીવી કિંમતમાં સદર આખીય જમીનનો તા.૩૦/૧૦/૦૭ નારોજ રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલો છે તેવી જાણ અમો વાદીઓને હમણાં બે દિવસે ઉપર થઈ છે. દાવાવાળી મિલ્કત ઓ વાદીઓ તથા પ્રા.નં.૬ ના માલીક કબજા ભોગવટામાં આવેલા છતાં પ્રા.નં.–૧ એ પ્રા.નં.૪–૫ પાસેથી ગેરકાયદેસર રીતે બીનહકે વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલો છે. પ્રા.નં.૪–૫ ને આ રીતે દસ્તાવેજ કરી આપવાનો કોઈ હકકે અધિકાર ન હતો અને નથી અને તેવા ગેરકાયદેસરના દસ્તાવેજથી પ્રા.નં.૧ ને કોઈ હકક પ્રાપ્ત થતો નથી. તેમ છતા પ્રા.નં.૧ તથા પ્રા.નં.૪–૫ સદર દાવાવાળી જમીનમાં પેસી જવા તથા અમો વાદીઓની છાપરી તોડી નાંખવાની છેલ્લા બે દિવસથી ધમકી આપી રહયા છે. પ્રા.વાદીનં. ૧ જુથબળવાળા અને પૈસાપાત્ર માણસ છે. અને જુથબળના અધારે અમો વાદીઓ કબજો પડાવી લે અને છાપરી તોડી નાંખે તો અમો વાદીઓને પૈસાથી ના વળી શકે તેવું પારાવાર નુકશાન થાય તેમજ અમો વાદીઓ ઘર વગરના થઈ જઈએ અને દાવાવાળી મિલ્કતના માલીકી કબજા અંગે શંકાના વાદળો ઉપસ્થિત થાય તેથી પ્રા.નં.૧–૪–૫ને રોકવાની જરુર છે. પ્રા.નં. ૧–૪–૫ ને તે પ્રમાણે રોકવામાં આવે તો પ્રા.વાદીને કાંઈ નુકશાન થાય તેમ નથી. તેથી દાવાવાળી જમીન અમો વાદીઓ તથા પ્રા.નં.૬ ની સ્વતંત્ર માલીકી કબજામાં આવેલી છે તેમ ઠરાવવા તથા સદર આખીય જમીનના અમો વાદીઓના કબજા ભોગવટામાં પ્રા.નં.૧–૪–૫ હેલો હકરત કે અંતરાય કરે કરાવે નહી કે પેસે પેસરાવે નહી તેમજ પ્રા.નં.૧–૪–૫ એ પ્રા.નં.૧ ને તા.૩૦/૧૦/૦૭ નારોજ જે વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તે રદ કરવા તથા જાથુનો મનાઈ હુકમ તેમજ ડેકલેરેશન મેળવવા તથા વાદીઓ તથા લક્ષ્મીબેન વિ. સાથે રજી. વહેચણ લેખ થયા બાદ તેની એન્ટ્રી ૭/૧૨ માં કરવામાં આવેલી પરંતુ પ્રા.નં. ૪–૫ એ સદર એન્ટ્રી સામે પ્રા.નં.૩ ને વાંધા અરજી આપતા સદર એન્ટ્રી તકરારી રજીસ્ટરે

ચઢાવવામાં આવી. સદર એન્ટ્રી તકરારી ચઢાવવાનો હુકમ કરતાં પહેલા અમો વાદીઓને સાંભળવાની કોઈ તક આપવામાં આવેલી નથી કે તેની કોઈ જાણ અમો વાદીઓને કરવામાં આવેલી નથી સામાન્ય રીતે રજી. દસ્તાવેજની નોંધ સહકારી રેકર્ડમાં આપો આપ પડી જાય પરંતુ અગમ્ય કારણોસર અમો વાદીઓને સાંભળ્યા સિવાય પ્રા.નં.૨ ને મોકલી આપવામાં આવેલ છે. દાવાવાળી મિલ્કત ના ૭/૧૨ ના ઉતારામાં અમો વાદીઓના નામ ચઢાવવામાં ના આવે તો ત્રાહીત વ્યકિતઓ ૭/૧૨ નો ઉતારો જોઈ સદર મિલ્કતનો દસ્તાવેજ કરાવી તેઓ બોનાફાઈડ પરચેઝરફોર વેલ્યુ વધાઉટ નોટીસની તકરાર ઉભી કરે તે સંજોગોમાં અમો વાદીઓને પારાવારનુકશાન થાય તેમજ મલ્ટીપ્લીસીટીઝ ઓફ પ્રોસીડીગ્સમાં ઉતરવું પડે પ્રા.નં.–૨ અમો વાદીઓ તથા પ્રા.નં.૬ નું નામ ૭/૧૨ માં દાખલ કરે તેવો પ્રા.નં.૨–૩ વિરૂધ્ધ હુકમ મેળવવા હાલનો દાવો કરેલ છે. દાવાનું કારણ ગામ કલમસર માં પ્રા.નં. ૪–૫ એ પ્રા.નં.–૧ તા. ૩૦/૧૦/૦૭ નારોજ રજી. વે. દસ્તાવેજ કરી આપ્યો તેની જાણ બે દિવસ ઉપર થઈ ત્યારથી તથા છેલ્લા બે દિવસથી દાવાવાળી જમીનમાં પેસી જવાની તથા છાપરી તોડી નાંખવાની ધમકી પ્રા.નં. ૧–૪–૫ એ આપી ત્યારથી તથા એન્ટ્રી તકરારી રજીસ્ટર્ડ કર્યાની જાણ થઈ ત્યારથી ઉત્પન્ન થયુ છે. જેથી વાદીપક્ષ ધ્વારા હાલનો દાવો દાખલ કરેલ છે.

(૧.૧) <u>**વાદીપક્ષ ધ્વારા દાવામાં માંગવામાં આવેલ દાદ.**</u>

જેથી વાદીપક્ષે હાલનો દાવો દાખલ કરી ગામ કલમસરની રી.સ.નં.૬૮૩/૧ જેનું ક્ષેત્રફળ હે–૦–૫૩–૬૨ ની ખેતી વિષયક જમીન પૈકી દક્ષિણ તરફની અડધી જમીન વાદીઓની નામદાર કોર્ટથી થયેલ હુકમનામું તથા વહેચણ લેખની માલીકી હકકે કબ્જા ભોગવટાવટામાં છે તથા સદર જમીન ઉપર તરફની જમીનમાં વાદીઓ તથા પ્રતિવાદી નં.૬ વિરૂધ્ધ કબ્જાથી માલિક થઇ ગયેલા છે તેમ ઠરાવવા તથા પ્રતિવાદી નં.૪,૫ નાએ પ્રતિવાદી નં.૧ ને તા.૩૦.૧૦.૨૦૦૭ ના રોજ જે વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તે દસ્તાવેજ ગેરકાયદેસર ઠરાવવા તથા દાવાવાળી જમીનના ૭/૧૨ માં પ્રતિવાદી નં.૨,૩ નાએ વાદીનું નામ દાખલ કરવા તથા પ્રતિવાદી નં.૧,૪,૫ નાએ જાતે કે તેના માણસો કે એજનો દાવાવાળી આખીય જમીનમાં પેસે પેસરાવે નહી કે તેમાં આવેલ છાપરી તોડે તોડાવે નહી કે દાવાવાળી જમીનમાં વાદીઓ તથા પ્રતિવાદી નં.૬ ના કબ્જા ભોગવટામાં હેલો હરકત કે અંતરાય કરે કરાવે નહી તેવું જાહેર કરવા તેમજ

નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી બીજી હકકોઇ દાદ આપવા અરજ ગુજારેલ છે.

(૨) સદર કામે પ્રતિવાદીપક્ષને દાવાનો સમન્સ/નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે અને સદર સમન્સ/નોટીસની બજવણી થઈ ગયેલ છે પ્રતિવાદી નં.૧ ને નોટીશની બજવણી થઈ ગયેલ છે અને પ્રતિવાદી નં.૧ તેઓના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થઈ આંક-૩૩ થી લેખીત જવાબ રજુ કરેલ છે અને તેમાં વાદીની મનાઈ અરજીના જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સીવાયની તમામ વિગતોનો પ્રતિવાદી સ્પષ્ટ ઈન્કાર કરે છે. વાદીના દાવામાં લેશમાત્ર પણ શુધ્ધબુધ્ધિના હોય દાવો શુધ્ધ બુધ્ધિના અભાવે ચાલવાપાત્ર ન હોવાથી રદ થવાને પાત્ર છે. વાદીને આ અને આવા પ્રકારનો દાવો દાખલ કરવા કોઈ કાયદેસરનું કારણ ઉત્પન્ન થયેલ ન હોય તેના અભાવે વાદીનો દાવો ચાલવા પાત્ર ન હોવાથી દાવો રદ થવાને પાત્ર છે. વધુમાં જણાવે છે ખરી હકીકત એવી છે કે, દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧ નારે જે દસ્તાવેજ કરાવેલ છે તે કાયદેસર છે. કહેવાતો વહેંચપ લેખ તદ્દન ખોટો ઉભો કરેલો બિનઅમલી પેપર ટ્રાન્ઝેકશન અને અધિકાર વગરનો છે જેના પર આધાર રાખી વાદીઓનો દાવો ચાલી શકે નહીં. કહેવાતી વહેંચણીલેખની નોંધ ૩૦ વર્ષ સુધી કરાવવામાં અવોલ નથી જે દર્શાવે છે કે, દાવાવાળા ખેતર સાથે વાદીને કોઈ લેવા દેવા નથી. આ કામના વાદીનો કોઈ પ્ર થમદર્શનીય કેસ નથી ફકત નામદાર કોર્ટ રૂબરૂ ખોટી હકીકતો તદ્દન વિપરીતે રીતે રજુ કરી ડેકોરેટ કરી નામદાર કોર્ટ રૂબરૂ ખોટી હકીકતો રજુ કરેલ છે તે રીતે વાદીને ઈરીપેરેબલ ઈન્જરી થવાનો કોઈ પ્રશ્ન નથી તે રીતે વાદીનો દાવો રદૃ થવાને પાત્ર હોઈ મનાઈ અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા વાદી હકકદાર નથી. ત્યારબાદ અને પ્રતિવાદી નં.૪ અને ૫ નાઓને તેમના વિ.વ.શ્રી. મારફતે હાજર થયેલ છે અને તેઓએ આંક-૩ર થી વાદીએ કરેલ દાવો તથા મનાઈ અરજીનો ભેગો જવાબ રજુ કરેલ છે અને તેમાં વાદીની મનાઈ અરજીના જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સીવાયની તમામ વિગતોનો પ્રતિવાદી સ્પષ્ટ ઈન્કાર કરે છે. આ કામના પ્રતિવાદી નં.ર અને ૩

નાઓને નોટીશની બજવણી થતાં તેઓએ તેમના વિદ્યવન વકીલશ્રી મારફતે હાજર થઈ આંક-૩૫ થી લેખીત જવાબ રજુ કરેલ છે અને તેઓએ જણાવેલ છે કે, અને તેમાં વાદીની મનાઈ અરજીના જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સીવાયની તમામ વિગતોનો પ્રતિવાદી સ્પષ્ટ ઈન્કાર કરે છે.વધુમાં જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો નથી અને કબુલ મંજુર નથી. વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ પાર્ટીનો બાધ નડે છે. દાવાને સી.પી.સી. કલમ-૮૦ મુજબનો નોટીસનો બાધ હોઈ દાવો ચાલી શકે તેમ નથી. પ્રતિવાદી નં.ર તલાટી કમ મંત્રીશ્રી કલમસર તરીકે ફરજ બજાવે છે અને સરકારી કર્મચારી તરીકે તેઓને સોંપવામાં આવેલ ફરજો બજાવે છે આ કામે કલેકટરશ્રી તેમજ સરકારશ્રીને દાવાના કામે પક્ષકાર બનાવવાની જરૂર હોય પરંતુ વાદીએ તેઓને પક્ષકાર તરીકે જોડેલ નથી. વાદીના દાવાને રેસ્જુડીકેટાનો બાધ નડતો હોઈ તેઓનો દાવો રદૃ થવાને પાત્ર છે તેમજ વાદીએ તેઓની મનાઈ અરજીમાં માંગ્યા મુજબનો હુકમ પ્રતિવાદી નં.ર અને ૩ સામે મળી શકે નહી તે સંજોગોમાં વાદીની માનઈ અરજી રદૃ તથા પાત્ર છે. આ કામના વાદીએ પ્રતિવાદી નં.ર અને ૪ ને ખોટા પક્ષકાર બનાવી દાવો કરેલ છે તેથી તેઓએ ખોટા ખર્ચમાં ઉતરવું પડેલ હોઈ સ્પેશીયલ કોન્પેન્સરી કોસ્ટ રૂા.૧૦,૦૦૦/- ચુકવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) સદરહુ દાવાના કામે વાદીપક્ષ ધ્વારા મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

<u>વાદીપક્ષ તરફે રજુ થયેલ મૌખીક પુરાવા:-</u>

ક્રમ	પુરાવાની વિગત	આંક
(૧)	વાદીનં. ર અરવિંદભાઈ રામાભાઈ જાદવનું સરતપાસનું પુરાવાનું સોગંદનામું	૬૮

<u>વાદીપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા:-</u>

ક્રમ	પુરાવાની વિગત	આંક

(૧)	વેચાણ દસ્તાવેજ	૭૨
(૨)	વહેંચણીનો લેખ	૭૩
(૩)	કલમસરના ગામ નમુના નં.૮–અ બ્લોક સર્વે નં.૬૩૪ ૬૮૩/૧ (જમીનની ખાતાવહી)	૭૪
(૪)	કલમસરના ગામ નમુના નં.૭ અને ૧૨ બ્લોક સર્વે નં. ૬૮૩/૧ ની નકલ	૭૫
(૫)	કલમસરના ગામ નમુના નં.૬ હકક પત્રકની નકલ	૭૬

સદર કામે વાદીપક્ષ તરફે ઉપરોકત પુરાવા સીવાય વધારે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી અને તેઓ વધારે કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તે મતલબની **પુરાવાબંધની પુરસીસ આંક–૭૭ થી** રજુ કરેલ છે.

(૪) સદરહુ દાવાના કામે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી તેથી તેઓનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) સદરહું કામે વાદીપક્ષના વિ.વ.શ્રી. ધ્વારા આંક–૭૯ થી લેખીત દલીલો રજુ કરેલ છે, જે વંચાણે લેવામાં આવેલ છે તેમજ સદરહું તમામ દલીલો દાવાના આખરી ન્યાયીક નિર્ણય કરતી વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

(૬) સદરહું દાવાના આખરી ન્યાયીક નિર્ણય માટે પુરોગામી પાંચમાં એડીશનલ સી.ની. સીવીલ જજ સાહેબશ્રી ખંભાત નાઓએ તા.૦૮/૦૮/૨૦૧૭ ના રોજ આંક–૫૯ થી મુદદાઓ ફરમાવેલ છે. જે મુદદાઓ નીચે પ્રમાણે છે.

મુદદા નં.૧ :– શું વાદી સાબિત કરે છે કે, વાદગ્રસ્ત મિલ્કત વાદીના કબ્જે ભોગવટે માલિકી હકકે આવેલ છે?

મુદદા નં.ર :– શું વાદી સાબતિ કરે છે કે, કો.મુન.નં.૨૪૭/૭૬ ના દાવાના કામે કરવામાં આવેલ કરારદાદ મુજબ કરવામાં આવેલ હુકમનામા મુજબ વાદગ્રસ્ત મિલ્કતની વહેંચણી કરવામાં આવેલ અને તેની નોંધણી તા.૨૪.૪.૭૭ થી કરવામાં આવેલ છે?

મુદદા નં.૩ :– શું વાદી સાબિત કરે છે કે, તા.૩૦.૧૧.૨૦૦૭ ના રોજનો

વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર અને બિનઅમલી છે?

મુદદા નં.૪ :– શું વાદી સાબિત કરે છે કે, તેઓ વિરૂધ્ધ કબ્જાની રૂએ વાદગ્રસ્ત મિલ્કતના માલીક અને કબ્જેદાર બનેલા છે?

મુદદા નં.૫ :– શું પ્રતિવાદી સાબિત કરે છે કે, વાદગ્રસ્ત મિલ્કત કાયદેસરના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી તેમના કબ્જે ભોગવટે માલીકી હકકે ચાલી આવેલ છે?

મુદ્દા નં.૬:– શું દાવાને રેસ્જયુડીકેટાનો બાધ નડે છે?

મુદ્દા નં.૭ :– શું દાવાને મુદતનો બાધ નડે છે?

મુદદા નં.૮ :– શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

મુદદા નં.૯ :– શું હુકમ ? શું હુકમનામું ?

(૭) સદર કામે રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તેમજ બંને પક્ષોના વિ.વ.શ્રી. નાઓની દલીલો તથા દાવાની હકીકતો અને સંજોગો ધ્યાને લેતા ઉપરોકત મુદદાઓના મારા જવાબો અને કારણો નીચે મુજબ છે.

મુદદા નં.૧ :– **'' અંશત: હકારમાં, ''**

મુદદા નં.૨ :– **'' હકારમાં, ''**

મુદદા નં.૩ :– **'' અંશત: હકારમાં, ''**

મુદદા નં.૪ :– **'' નકારમાં, ''**

મુદદા નં.૫ :– **'' અંશત: હકારમાં, ''**

મુદદા નં.૬ :– **'' નકારમાં ''**

મુદદા નં.૭ :– **'' નકારમાં ''**

મુદ્દા નં.૮:– **'' અંશત: હકારમાં ''**

મુદ્દા નં.૯:– **આખરી હુકમ મુજબ,**

<u>નિર્ણય માટેના કારણો</u>

(૮) **આ કામમાં આંક–પ૯ થી ઘડવામાં આવેલ મુદ્દાઓ પરસ્પર એક સાથે સંકળાયેલા હોઈ**

જેથી તમામ મુદ્દાઓની એક સાથે ચર્ચા કરવામાં આવેલ છે.

(૯) હવે વાદીપક્ષે પુરાવો ધ્યાને લઈએ તો વાદીપક્ષે આંક–૬૮ થી તેમની સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે તેમાં મહદઅંશે દાવા અરજીની વિગતો જણાવેલ છે તેથી પુનરાવર્તન ટાળેલ છે.

વાદીની પ્રતિવાદીપક્ષ તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૦) હવે વાદી તથા પ્રતિવાદી તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો સૌ પ્રથમ વાદીની દાવાઅરજી જોતા સદર દાવા અરજીમાં મોજે કલમસરના રે.સ.નં. ૬૮૩/૧ હે–આરે–ચો.મી ૦–૫૩–૬૨ ની ખેતીની જમીનની તકરાર છે. વાદીની દાવા અરજી મુજબ સદર ખેતર ઉત્તર તથા દક્ષિણ એમ અડધિ અડધિ જમીન બે ભાગમાં વહેંચાયેલી છે. જેમાં દક્ષિણ તરફથી અડધા ભાગની જમીનમાં વાદીઓ આંક–૭૩ ના વહેચણી થી માલિક બનેલાની તકરાર છે તથા ઉત્તર ભાગની અડધી જમીનમાં તેઓ એડવર્સ પઝેશનથી તેઓ માલિક બનેલાની દાદ માંગેલ છે. આમ, હાલના દાવામાં બનાવવાળી જમીન રેવન્યુ સર્વે નં.૬૮૩/૧ માં દક્ષિણના અડધા ભાગમાં વાદીઓ વહેંચણીથી માલિક બનેલાનું જયારે ઉત્તરના અડધા ભાગમાં વાદીઓ એડવર્સ પઝેશનથી માલિક બનેલાનો દાવો કરેલ છે. હવે સૌપ્રથમ વાદીની એડવર્સ પઝેશનની દાદ જોઇએ તો વાદી દાવાવાળી મિલ્કતના ઉત્તર ભાગમાં એડવર્સ પઝેશન માલિક થયેલા છે તેવો કોઇ પુરાવો રજુ કરેલ છે કે કેમ? તે જોઇએ તો વાદીએ આંક–૬૮ થી વાદી નં.૨ અરવિંદભાઇ રામાભાઇ જાદવનું સરતપાસરનું સોગંદનામું મુકેલ છે તેમાં તેઓએ દાવાવાળી જમીનની ઉત્તર તરફના અડધા ભાગમાં તેઓ વર્ષોથી વિના રોકટોક ખેતીકામ કરતા હોઈ અને કબ્જો ધરાવતા હોય તેવો પુરાવો આપેલ છે પરંતુ તેના સમર્થનમાં વાદીપક્ષ તરફથી અન્ય કોઇ આડોશી પાડોશી સાહેદોને તપાસેલ નથી કે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો પણ રજુ કરેલ નથી. વાદીપક્ષ જયારે એડવર્સ પઝેશનના માલિકીપણાની માંગણી કરતા હોય તો તે હકીકત વાદીપક્ષે ઠોસ પુરાવાથી સાબિત કરવી પડે છે. માત્ર પ્રતિવાદીપક્ષ તરફથી કોઇ પુરાવો આપેલ ન હોય કે ઉલટતપાસ કરવામાં આવેલ ન હોય તેટલા માત્રથી વાદી તેના ઉપર જે સાબિતીનો બોજો લાદવામાં આવેલ છે તેનાથી છટકી શકે નહી. જેથી વાદીપક્ષ દાવાવાળી જમીનના ઉત્તર ભાગના અડધા ભાગમાં એડવર્સ પઝેશનથી માલિક થયા હોવાની હકીકત સાબિત કરી શકેલ નથી.

(૧૧) હવે વાદીએ દાવાવાળી જમીનની દક્ષિણ તરફના અડધા ભાગમાં આંક–૭૩ ના વહેચણી લેખના આધારે માલિક બનેલાનો દાવો કરેલ છે. આંક–૭૩ નો વહેંચણી લેખ જોઇએ તો તે રજીસ્ટર વહેંચણી લેખ છે જેમાં એક તરફ વાળા તરીકે રામાભાઇ ભલાભાઇ છે જે આ કામમાં વાદીઓના મર્હુમ વડીલ છે. જયારે બીજી તરફવાળા તે આ કામના પ્રતિવાદીઓ છે. હવે સદર વહેંચણી લેખના પાના નં.ર ના પેરા–૧ માં એવું લખેલ છે કે, કો.મુ.નં. ર૭૩/૭૬ નો દાવો અમો લક્ષ્મીબેને એક તરફવાળા સાથે ખંભાતના મહે. સિવિલ જજ જયુડી સાહેબની કોર્ટમાં કરેલ તે કામમાં અમો સામાવાળા પૈકી વાલીબેન અને સવિતાબેન તે વાદીમાં જોડાયેલા તે દાવામાં પક્ષકારો વચ્ચે કરારદાદ થઇ છે તે હુકમનામું થયું છે તે મુજબ સર્વે નં'.૬૮૩/૧ વાળું ખેતર જે આ નીચેની જમીનની વિગત છે તે ખેતર પૈકી અડધો ભાગ દક્ષિણ પૈકીના એક તરફ વાળાને માલિકી કબ્જો ઠરાવેલ છે અને ઉત્તરવાળો બીજા તરફના માલિકી કબ્જો ઠરાવેલ છે. આમ, આંક–૭૩ વાળો વહેંચણી લેખ જોઇએ તો તે વહેંચણી લેખમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, દાવાવાળા ખેતરમાં દક્ષિંણ તરફના અડધા ભાગમા હાલના વાદીઓ માલિક કબ્જેદાર બનેલ છે જયારે ઉત્તર તરફના અડધા ભાગમાં પ્રતિવાદીઓ માલિક કબ્જેદાર બનેલ છે. હવે આંક–૭૩ નો વહેંચણી લેખ ખોટો કે બોગસ હોય તે બાબતેનો કોઇ પ્રતિવાદીપક્ષે પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે વાદીની ઉલટતપાસમાં સદર વહેંચણીલેખને ચેલેન્જ કરેલ નથી. તેથી આંક–૭૩ ના વહેંચણી લેખને નહિં માનવા માટેનું કોઇ કારણ નથી. આમ, દાવાવાળા ખેતરની દક્ષિણ તરફના અડધા ભાગમાં હાલના વાદીઓ માલિક કબ્જેદાર છે તેવું સાબિત થાય છે.

(૧૨) હવે આખા ખેતરના કબ્જા અંગેના પુરાવાનું સમગ્ર મુલ્યાંકન કરીએ તો વાદીપક્ષ દક્ષિણ તરફના અડધા ભાગમાં માલિક કબ્જેદાર હોવાનું સાબિત થાય છે પરંતુ ઉત્તર તરફના અડધા ભાગમાં વાદી તરફથી કોઇ ઠોસ પુરાવો રજુ કરેલ ન હોવાથી કબ્જેદાર કે માલિક હોવાનું સાબિત થતું નથી તેમજ ઉત્તર તરફના અડધા ભાગમાં વાદીનો એડવર્સ પઝેશન કબ્જો હોય તેવું પણ સાબિત થતું નથી. તેથી હું મુદા નં.૧ નો જવાબ અંશતઃહકારમાં આપુ છું જયારે મુદા નં.ર નો જવાબ હકારમાં આપુ છું તથા મુદા નં.૪ નો જવાબ નકારમાં આપુ છું.

(૧૩) હવે હાલના કામે વાદી ધ્વારા તા.૩૦.૧૦.ર૦૦૭ નો વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર અને બિનઅમલી હોઇ રદ થવાને પાત્ર ઠરે છે તેવી દાદ માંગેલ છે અને તે માટે વાદી તરફથી આંક–૭ર થી સદર વાદગ્રસ્ત વેચાણ દસ્તાવેજ રજુ કરેલ છે જે

વેચાણ દસ્તાવેજ હાલની દાવાવાળી જમીનના આખા ખેતરનો વેચાણ દસ્તાવેજ છે તેમજ આંક–૭૪, આંક–૭૫ તથા આંક–૭૬ થી દાવાવાળા ખેતરનું રેવન્યુ રેકર્ડ મુકવામાં આવેલ છે. જે રેવન્યુ રેકર્ડ મુજબ સદર જમીન પ્રતિવાદી નં.૧ ના વારસોના નામે ચાલે છે તથા આંક–૭૬ થી હકકપત્ર નોંધ નં. ૧૦૭૪૨ મુકવામાં આવેલ છે તેમાં દસ્તાવેજથી ખરીદનાર પ્રવિણસિંહ છત્રસિંહના વારસદારોની વારસાઇ એન્ટ્રી કરવામાં આવેલ તેની નોંધ છે. હવે આગળ ચર્ચા કરી તે મુજબ દાવાવાળા ખેતરના દક્ષિણ તરફના અડધા ભાગમાં હાલના વાદીઓ કબ્જેદાર માલિક છે તેવું સાબિત થયેલ નથી તેમજ ઉત્તર ભાગના અડધા ભાગમાં એડવર્સ પઝેશનનો કબ્જો હોય તેવું પણ સાબિત કરી શકેલ નથી તેથી તેટલી જમીન પુરતો સદર દસ્તાવેજ કાયદેસર ગણાય. તેથી હું મુદા નં.૩ નો જવાબ અંશતઃહકારમાં આપુ છું.

(૧૪) હવે મુદ્દા નં.૫ ની ચર્ચા કરીએ તો સદર મુદ્દો સાબિત કરવાનો બોજો પ્રતિવાદીપક્ષ ઉપર નાંખવામાં આવેલ છે અને પ્રતિવાદીપક્ષ ધ્વારા આ મુદ્દો સાબિત કરવા માટે કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેથી મુદ્દા નં.૩ ને આધિન મુદ્દા નં.૫ નો જવાબ અંશતઃ હકારમાં આપુ છું.

(૧૫) હવે મુદ્દા નં.૬ ની ચર્ચા કરીએ તો સદર મુદ્દો રેસ્જુડીકેટાનો મુદ્દો છે જે સાબિત કરવાનો બોજો પ્રતિવાદી ઉપર હોય છે. પ્રતિવાદીપક્ષ ધ્વારા હાલની તકરારોનો નિર્ણય થઇ ગયેલ છે તેવું કોર્ટનું જ જજમેન્ટ આ કામમાં રજુ કરવામાં આવેલ નથી તેથી મુદ્દા નં.૬ નો જવાબ નકારમાં આપુ છું.

(૧૬) હવે મુદ્દા નં.૭ બાબતે ચર્ચા કરીએ તો વાદગ્રસ્ત દસ્તાવેજ તા.૩૦.૧.૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ છે જયારે હાલનો દાવો તા.૦૪.૦૬.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ છે. વાદીએ દસ્તાવેજ રજીસ્ટર થાય તેના ત્રણ વર્ષની અંદર દાવો દાખલ કરી દેવો જોઇએ. તેથી સદર દાવો સમય મર્યાદામાં કરવામાં આવેલ છે અને દાવાને મુદતનો બાધ નડતો નથી તેથી મુદ્દા ન'.૭ નકારમાં આપુ છું.

(૧૭) હવે મુદ્દા નં.૮ બાબતે ચર્ચા કરીએ તો મુદ્દા નં.૧ નો જવાબ અંશતઃહકારમાં આવતો હોઇ, મુદ્દા નં.૨ નો જવાબ હકારમાં આવતો હોઇ, મુદ્દા નં.૩ નો જવાબ અંશતઃ હકારમાં આવતો હોઇ તેથી વાદીએ દાવાવાળા ખેતરના દક્ષિણ તરફના અડધા ભાગની જમીનમા દાદ મેળવવા હકદાર બને છે. જયારે દાવાવાળા ખેતરની ઉત્તર તરફની અડધી જમીન પુરતી દાદ મેળવવા હકકદાર રહેતા નથી. આમ, મુદ્દા નં.૮ નો જવાબ અંશતઃ હકારમાં આપુ છું અને મુદ્દા નં.૯ બાબતે નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

હુ ક મ

(૧) આથી વાદીનો દાવો અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આથી ગામ કલમસરની રેવન્યુ સર્વે નં.૬૮૩/૧ જેનું ક્ષેત્રફળ હે–આરે–ચો.મી ૦–૫૩–૬૨ ની ખેતી વિષયમ જમીન પૈકી દક્ષિણ તરફની અડધી જમીન વાદીઓ નામદાર કોર્ટથી થયેલ હુકમનામું તથા વહેચણી લેખથી માલિકી હકે કબ્જો ભોગવટો છે તેવું ઠરાવવામાં આવે છે.

(૩) આથી તા.૩૦.૧૦.૨૦૦૭ ના રોજ મોજે કલમસર રેવન્યુ સર્વે નં.૬૮૩/૧ વાળી ખેતીવિષયક જમીન પૈકી દક્ષિણ તરફની અડધી જમીન પુરતો તા.૩૦.૧૦.૨૦૦૭ ના રોજનો અનુક્રમ નં.૧૭૮૫/૨/૧૨ થી થયેલ દસ્તાવેજ ગેરકાયદેસરનો છે તેવું ઠરાવવામાં આવે છે અને તેટલી જમીન પુરતો સદર દસ્તાવેજ રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૪) આથી પ્રતિવાદી નં.૨, ૩ ને હુકમ કરવામાં આવે છે કે, તેઓએ રેવન્યુ સર્વે નં.૬૮૩/૧ માં દક્ષિણ તરફના અડધા ભાગ પુરતું હાલના વાદીઓનું નામ રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરવું.

(૫) આથી પ્રતિવાદી નં.૧,૪,૫ નાઓને હુકમ કરવામાં આવે છે કે, તેઓએ જાતે કે તેમના માણસો, એજન્ટોએ રેવન્યુ સર્વે નં.૬૮૩/૧ ના દક્ષિણ તરફના અડધા ભાગમાં પ્રવેશ કરવો નહી કે વાદીઓના કબ્જા ભોગવટામાં હેલો હરકત કે અંતરાય કરવો નહીં તેવો પ્રતિવાદી નં. ૧, ૪ તથા ૫ વિરૂધ્ધ કાયમી મનાઇ હુકમ ફરમાવવામાં આવે છે.

(૬) પક્ષકારોએ પોતપોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૭) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ રોજ તારીખ–૦૩, માહે–મે, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩/૦૫/૨૦૨૪ (**ભરતભાઈ હરદાસભાઈ ઓડેદરા**)
ખંભાત પ્રિન્સીપાલ સીનીયર સીવલ જજ ખંભાત.
જજ કોડ નં. જી.જે. ૦૦૮૦૪

સ્ટેનો–એમ.એ.કાદરી.